# એકમ-2 કાળુ નાણું અને તેની અસરો

-: રૂપરેખા :-


2.1 પ્રસ્તાવના

2.2 કાળા નાણાંનો અર્થ અને સમજૂતી

2.3 કાળા નાણાંનો અંદાજો

2.4 દેશના મુખ્ય કૌભાંડો કાળા નાણાંના જનક

2.5 કાળા નાણાં ઉદ્ભવવાના કારણો

2.6 કાળા નાણાંની અસરો

2.7 કાળુ નાણું દૂર કરવાના ઉપાયો

2.8 સમીક્ષા


## 2.1 પ્રસ્તાવના

કાળા નાણાંની કોઈ ચોક્કસ વ્યાખ્યા નથી. કારણ કે વર્તમાન સમયમાં આપણા દેશમાં કાળા નાણાંનો ઉપયોગ ખૂબ જ મોટા પ્રમાણમાં થાય છે. તેથી અર્થતંત્રમાં તેને અલગ પાડવું કે યોગ્ય રીતે ચોક્કસ વ્યાખ્યા સાથે વ્યાખ્યાયિત કરવું શક્ય નથી. જુદા જુદા લોકો તેને જુદી જુદી રીતે વ્યાખ્યાયિત કરે છે. જેમ કે બિનહિસાબી આવક, ભૂગર્ભ આવક, કાળી સંપત્તિ અથવા અર્થતંત્ર સ્તરે તેને સમાંતર અર્થતંત્ર, કાળી અર્થ વ્યવસ્થા, છાયા અર્થતંત્ર અને બિનસત્તાવાર અર્થતંત્ર તરીકે ઓળખવામાં આવે છે. વ્યાપક રીતે અને સામાન્ય માણસની ભાષામાં તેને વ્યાખ્યાયિત કરી શકીએ છીએ. તે નાણાં કે જે ગેરકાયદેસરના માધ્યમો દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યું હોય અથવા જેના માટે સરકારને કર ચૂકવવામાં આવતો નથી જે બિનહિસાબી હોય. કાળુ નાણું ગેરકાયદેસર રીતે ડ્રગ્સના વેપાર, આતંકવાદ, ભ્રષ્ટાચાર અથવા જાહેર સરકારી તિજોરીમાં લેણા ચૂકવવામાં કાયદેસર નિષ્ફળતા દ્વારા પેદા થઈ શકે છે. જે બિન હિસાબી સંપત્તિનું ઉત્પાદન કરે છે. જમીન અને રિયલ એસ્ટેટ વ્યવહારો, બુલિયન અને ઝવેરીના વ્યવહારો, જટીલ નાણાકીય બજાર વ્યવહારો, સખાવતી પ્રવૃત્તિઓ, અનૌપચારિક ક્ષેત્ર અને રોકડ અર્થતંત્ર, સ્વરોજગાર વ્યાવસાયિકો, બાહ્ય વેપાર અને ટ્રાન્સફર પ્રાઈસિંગ જેવા કેટલાક ક્ષેત્રો અને પ્રવૃત્તિઓ છે. જે પેઢીને જન્મ આપે છે. કાળુ નાણું ગેરકાયદેસર રીતે કમાયેલી સંપત્તિ ઉપરાંત કાળુ નાણુ શબ્દમાં જાહેર સત્તાવાળાઓ પાસેથી છુપાયેલી કાનૂની આવકનો પણ સમાવેશ થાય છે.

કાળા નાણાં સાથે જોડાયેલી દેશની આવકનો હિસ્સો દેશના આર્થિક વિકાસને અસર કરે છે. કાળુ નાણું નાણાકીય લિકેજનું કારણ બને છે, કારણ કે બિન-રિપોર્ટેડ આવક કે જેના પર ટેક્સ નથી લાગતો. તેના કારણે સરકારને આવક ગુમાવવી પડે છે. વધુમાં આ ભંડોળ ભાગ્યે જ બેંકિંગ સિસ્ટમમાં પ્રવેશ કરે છે. પરિણામે. કાયદેસરના નાના ઉદ્યોગો અને ઉદ્યોગ સાહસિકો માટે લોન મેળવવી વધુ મુશ્કેલ બની શકે છે. વધુમાં કાળુ નાણું રાષ્ટ્રના નાણાકીય સ્વાસ્થ્યને ઓછું આંકવામાં આવે છે. કોઈ પણ અર્થતંત્રમાં કાળા નાણાંના માત્રાનો અંદાજ કાઢવો અત્યંત મુશ્કેલ છે. આ બિન-અહેવાલિત કમાણી દેશના કુલ રાષ્ટ્રીય ઉત્પાદન (GNP) અથવા કુલ સ્થાનિક ઉત્પાદન (GDP)માં સમાવી શકાતી નથી.

## 2.2 કાળા નાણાંનો અર્થ અને સમજૂતી

રાષ્ટ્રમાં કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના જૂથ દ્વારા જાહેર કરવામાં આવતી ન હોય તેવી આવકને કાળુ નાણું કહેવામાં આવે છે. તેને ગેરકાયદેસર માનવામાં આવે છે. બ્લેક માર્કેટ અને બ્લેક મની બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન પ્રકાશમાં આવ્યા હતા. તે સમયે માલના વિતરણ અને કિંમતો પરના વિવિધ નિયંત્રણને લીધે એક ગુપ્ત બજાર પ્રકાશમાં આવ્યું. જ્યાં માલ ઉપલબ્ધ હતો પરંતુ નિયંત્રિત કરતા વધુ કિંમતે "બ્લેક મની" શબ્દ "બ્લેક માર્કેટ"માં પ્રાપ્ત અથવા ચૂકવવામાં આવેલા નાણાંનું વર્ણન કરવા માટે પ્રચલિત બન્યો. સમયની સાથે કાળા નાણાંએ કાળા બજાર કરતાં વધુ વ્યાપક વિસ્તાર મેળવ્યો. કાળા નાણાં બે સ્વરૂપે અર્થતંત્રમાં આવ્યા.

**(1) કાનૂની પ્રવૃત્તિઓ :** મૂળભૂત પ્રવૃત્તિ કાયદેસર રીતે આવક મેળવવાની છે. પરંતુ તે આવક ઉપર કર રાખવો કે કર ન ચૂકવવો અથવા કરની ચોરી કરવી પછી તે કર પ્રત્યક્ષ કે પરોક્ષ હોય. કર જેટલી રકમ વ્યક્તિ પાસે પડી રહે છે. કરચોરી કરવાનું મુખ્ય કારણ કરના દરનું ઊંચુ સ્તર, સરકાર અને તેના કાયદાઓ પ્રત્યે ઓછો આદર, ઉદાર દંડાત્મક પગલાં અને કાયદાઓના અમલમાં ઢીલી નીતિ કરચોરીને વધુ આકર્ષક બનાવે છે. આ નાણું તે જ કાળુ નાણું કહેવાય.

**(2) ગેરકાયદેસર પ્રવૃત્તિઓ :** ગેરકાયદેસર રીતે ડ્રગ્સના વેપાર, ભ્રષ્ટાચાર, આતંકવાદ વગેરે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ દ્વારા કમાયેલું નાણું કે જે છૂપી રીતે કરચોરી કરવામાં આવે છે, તે કાળુ નાણું છે. કાળા નાણાંની આવક સામાન્ય રીતે ભૂગર્ભ આર્થિક પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવે છે અને તે રોકડ સ્વરૂપે હોય છે. જેના ઉપર લાગેલો કર છુપાવવામાં આવે છે. તેના હિસાબો ક્યાંય નોંધવામાં આવતા નથી. આથી એને બિનહિસાબી કાળું નાણું કહે છે. જે લોકો આવું નાણું મેળવનારાએ પણ હિસાબ છુપાવવો પડે છે. કાળા નાણાં સાથે જોડાયેલી દેશની આવકનો હિસ્સો દેશના આર્થિક વિકાસને અવરોધે છે.

દેશમાં અપરાધ, ભ્રષ્ટાચાર, કરની આવશ્યકતાઓનું પાલન ન કરવું, જટિલ પ્રક્રિયાગત નિયમો, પૈસાની અવૈધ હેરાફેરી, દાણચોરી વગેરે કાળા નાણાંના ગેરકાયદેસર સ્ત્રોતો છે.

## 2.3 કાળા નાણાંના અંદાજો

ભારતીય અર્થવ્યવસ્થાને સમાંતર અર્થતંત્ર અથવા છાયા અર્થતંત્ર પણ કહેવામાં આવે છે. કારણ કે અર્થતંત્રમાં ફરતા કુલ નાણાંમાં કાળા નાણાં (બિન હિસાબી નાણું) અને સફેદ નાણાં (કાયદામાન્ય નાણાં અથવા હિસાબી નાણું) વચ્ચે તફાવત કરવો ખૂબ જ મુશ્કેલ છે.

બ્રિટીશ શાસન દરમ્યાન પણ અર્થતંત્રમાં કાળુ નાણું હતું. બ્રિટીશ ક્રાઉન સરકાર દ્વારા કર વસુલાત વધારવાના ધ્યેય સાથે ભૂગર્ભ અર્થતંત્ર અને કાળા નાણાંને ઓળખવા અને રોકવા માટે અસંખ્ય સમિતિઓ દ્વારા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા. 1936માં આયર્સ કમિટીએ ભારતીય વસાહતમાંથી કાળા નાણાંની તપાસ કરી હતી. તેમણે પ્રમાણિક કરદાતાના રક્ષણ અને પ્રોત્સાહિત કરવા અને છેતરપિંડીની ચોરી સામે અસરકારક રીતે વ્યવહાર કરવા માટે મોટા સુધારા સૂચવ્યા હતા. આમ અંગ્રેજો વખતે પણ કાળુ નાણું અસ્તિત્વમાં હતું.

બીજા વિશ્વયુદ્ધ (1939 થી 1945) દરમ્યાન કાળા નાણાંનો ઉદ્ભવ ભારતમાં થયો હતો. આઝાદી બાદ આયોજન અને ઔદ્યોગિકીકરણને કારણે કાળા નાણાંનું સર્જન એટલું

બધું વધી ગયું કે દેશના આર્થિક-સામાજિક માળખા ઉપર ઘણી અસરો થઈ છે. કાળુ નાણું ચોક્કસ પ્રમાણમાં માપવું અશક્ય છે. પરંતુ તેના અંદાજીત આંકડાઓ રજૂ કરી શકાય છે. જુદા જુદા પંચો, સમિતિઓ અને સરકાર દ્વારા તપાસ સમિતિઓએ દેશમાં કાળા નાણાંના અંદાજો રજૂ કર્યા છે. જે નીચે મુજબ છે.

- આવકવેરા પંચે ઈ.સ. 1947માં 48 કરોડનું કાળુ નાણું પ્રાપ્ત કર્યું હતું.
- ઈ.સ. 1951માં કાળા નાણાંની સ્વૈચ્છિક જાહેરાત મુજબ રૂ. 70 કરોડની રકમ જાહેર કરાઈ હતી.
- ઈ.સ. 1965ની સ્વૈચ્છિક જાહેરાત મુજબ રૂ. 197 કરોડની રકમ જાહેર કરાઈ હતી.
- શ્રી કે. એન. વાંચ્છુ (ન્યાયમૂર્તિ)ના અધ્યક્ષ પદે નિમાયેલી સમિતિના મત મુજબ માર્ચ 1970માં ભારતમાં રૂ. 2000થી રૂ. 4000 કરોડની રકમ કાળા નાણાં તરીકે અસ્તિત્વ ધરાવે છે.
- ડૉ. રાજા ચેલૈયાના અધ્યક્ષ પદે ઈ.સ. 1982માં નિમાયેલી સમિતિના અંદાજ મુજબ દેશમાં રૂ. 36,786 કરોડ કાળુ નાણું છે.
- વર્ષ 2008 સુધીમાં દેશમાંથી સંચિત ગેરકાયદેસર નાણાકીય પ્રવાહ US$ 452 બિલીયન હોવાનો અંદાજ હતો.
- ફેબ્રુઆરી 2012માં સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI)ના ડિરેક્ટર એ. પી. સિંહે ભ્રષ્ટાચાર વિરોધી અને સંપત્તિ પુનઃ પ્રાપ્તિ પરના પ્રથમ ઈન્ટરપોલ વૈશ્વિક કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમયે જણાવ્યું હતું કે ‘‘એવું અનુમાન છે કે આશરે 500 અબજ ડૉલર ભારતીયોના ગેરકાયદેસર નાણા જમા છે.’’

  સીબીઆઈ ડિરેક્ટરે પાછળથી ભારતની સંસદમાં સ્પષ્ટતા કરી કે $ 500 બિલીયન ડૉલર ગેરકાયદેસર નાણાં જુલાઈ 2011માં ભારતના સુપ્રીમ કોર્ટમાં આપેલાં નિવેદનના આધારે એક અંદાજ છે.
- ભારત સરકારે મે 2012માં દાવો કર્યો હતો કે સ્વિસ બેંકોમાં ભારતીયોની થાપણો તમામ દેશોના નાગરિકોની કુલ બેંક થાપણોના માત્ર 0.13 ટકા છે. સ્વિસ બેંકોમાં તમામ દેશોના નાગરિકોની કુલ બેંક થાપણોમાં ભારતીયોનો હિસ્સો 2006ના 0.29 ટકાથી ઘટીને વર્ષ 2010માં 0.13 ટકા થયો છે.
- 28 ડીસેમ્બર 2016 સુધીમાં સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે આવકવેરા વિભાગે ડીમોનેટાઈઝેશન બાદ દેશવ્યાપી કામગીરીના ભાગ રૂપે રૂ. 41.72 બિલીયન (US$ 520 મિલીયન) બિન-જાહેર આવક શોધી કાઢી હતી.
- સ્નેડરના અંદાજ મુજબ ડાયનેમિક મલ્ટિપલ ઈન્ડિકેટર્સ મલ્ટિપલ કોઝ પદ્ધતિનો ઉપયોગ કરીને અને ચલણની માંગ પદ્ધતિ દ્વારા ભારતના કાળા નાણાંની અર્થ વ્યવસ્થાનું કદ સત્તાવાર જી.ડી.પી. 23 થી 26 ટકા વચ્ચે છે. જ્યારે આફ્રિકામાં 28 થી 30 ટકા અને લેટિન અમેરિકામાં સ્થાનિક ઉત્પાદનોના 41 થી 44 ટકા છે. આ અભ્યાસ મુજબ 96 વિકાસશીલ દેશોમાં કાળા નાણાંનું કદ 38.7 ટકા છે. ભારતમાં કાળા નાણાંનું પ્રમાણ સરેરાશથી નીચે જોવા મળ્યું છે.
- આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF)ના મતે કુલ સ્થાનિક ઉત્પાદનના 50 ટકા, સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટીગેશન (CBI)એ રૂ. 25 લાખ કરોડ, વિશ્વ બેંકે કુલ

સ્થાનિક ઉત્પાદનના 20 ટકા કાળુ નાણું ભારતમાં અસ્તિત્વ ધરાવે છે તેમ જણાવ્યું હતું.

- લોકસભાની ચૂંટણી 2019ના પ્રચાર દરમ્યાન ભારતના ચૂંટણીપંચ દ્વારા 3,166 કરોડ રૂપિયાથી વધુની રોકડ, દારૂ વહેંચવામાં આવ્યાનું કબૂલ્યું હતુ.

## 2.4 દેશના મુખ્ય કૌભાંડો કાળા નાણાંના જનક

ભારતમાં ભ્રષ્ટાચારના નાના મોટા અનેક કૌભાંડ થયા છે. જે કાળા નાણાંનું સર્જન કરે છે. અહીં આપણે થોડાક મોટા કૌભાંડ વિષે જાણીએ. દેશના બધા જ કૌભાંડો લખવા બેસીએ તો 10,000 પાના પણ ઓછા પડે.

### (1) 2જી સ્પેક્ટ્રમ કૌભાંડ :

દેશના મોટા કૌભાંડ તરીકે પ્રખ્યાત છે. આ કૌભાંડ તામિલનાડુના નીલગિરીશ મત વિસ્તારમાંથી ચૂંટાઈ સંસદ સભ્ય બનેલા અને મે 2007થી સંચાર અને માહિતી ટેકનોલોજીના કેબિનેટ મંત્રી બનેલા એન્ડીમુથુ રાજા (શ્રી એ. રાજાના નામથી) અને તેમના બે સાથી મિત્રો ડી.એમ.કે. પક્ષના દયાનિધિ મારન અને કનિમોઝીની સાથે 2જી સ્પેક્ટ્રમ કેસ થયો હતો. યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ ગઠબંધન સરકારના રાજકારણીઓ અને ખાનગી અધિકારીઓ ઉપર 122 2જી સ્પેક્ટ્રમ લાઈસન્સનું વેચાણ કરવાનો આરોપ હતો. સ્પેક્ટ્રમ એટલે રેડિયો-તરંગોની શ્રેણી, જેનો ઉપયોગ સંચાર હેતુઓ માટે થાય છે. આ તરંગો હંમેશાં આપણી આસપાસ હોય છે અને દરેક વસ્તુમાંથી પસાર થાય છે. તેથી સ્પેક્ટ્રમનું નિરીક્ષણ કરવાની જરૂર છે. જે કોલ્સ ડીજીટલ એન્કોડેડ હતા. 2જી નેટવર્ક્સ મોબાઈલ માટે ડેટા સેવાઓને સક્ષમ કરે છે. જેમ કે ટેક્સ્ટ સંદેશાઓ, ચિત્ર સંદેશાઓ અને મલ્ટીમીડિયા સંદેશાઓની સેવા આપે છે.

ટેલીકોમ મંત્રીશ્રી એ. રાજાએ દરેક સ્તરે ધારાધોરણોને ટાળ્યાં અને બનાવટી લાઈસન્સ આપ્યા. 2જી સ્પેક્ટ્રમ કૌભાંડ કુલ 1.76 લાખ કરોડ રૂપિયાનું હતું. જે બિન-હિસાબી હોવાથી કાળા નાણાંમાં પરિણમે છે. જો કે ફેબ્રુઆરી 2019માં ન્યાયમૂર્તિ નઝમી વઝીરીએ કેસમાં સંડોવાયેલા ત્રણેય વ્યક્તિઓને નિર્દોષ જાહેર કર્યા હતા. તે પહેલાં 21 ડિસેમ્બર 2017ના રોજ નવી દિલ્હીથી વિશેષ અદાલતે સંપૂર્ણ તપાસ અને CBIને સાંભળ્યા બાદ બધા આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા અને CBIએ ચુકાદા સામે દિલ્હી હાઈકોર્ટમાં રીટ કરી હતી.

### (2) કોમનવેલ્થ કૌભાંડ :

દિલ્હીમાં 2010માં કોમનવેલ્થ ગેમ્સના પ્રભારી તરીકે સુરેશ કલમાડીને ભ્રષ્ટાચારના આરોપસર એપ્રિલ 2011થી જાન્યુઆરી 2012 સુધી 10 મહિના જેલમાં રાખ્યા હતા. તેમના ઉપર ઈવેન્ટ માટે સમય, સ્કોરીંગ અને પરિણામ સિસ્ટમ સ્થાપિત કરવા માટેનો કોન્ટ્રાક્ટ સ્વિસ ટાઈમીંગને મોટા પ્રમાણમાં ઊંચી કિંમતે આપવાનો આરોપ હતો. 25 એપ્રિલ 2011ના રોજ CBI (Central Beauro Investigation)એ ટાઈમીંગ, સ્કોરીંગ અને રિઝલ્ટ (TSR) કેસમાં ભારતીય દંડ સંહિતાની કલમ 120-B (ગુનાહીત કાવતરું) અને 420 કલમ (છેતરપિંડી) હેઠળ સુરેશ કલમાડીની ધરપકડ કરવામાં આવી હતી.

વૈશ્વિક મોરચે ભારતીયોનું શરમથી માથું ઝૂંકાવી દે તેવું કાર્ય હતું. સેન્ટ્રલ વીઝીલન્સ કાઉન્સિલ દ્વારા ખુલાસામાં ટેન્ડરોમાં વિસંગતતાઓ, અસ્તિત્વમાં ન હોય તેવા પક્ષોને ચૂકવણી, કરારના અમલમાં વિલંબ, રમતગમતના સાધનોની કિંમતોમાં વધુ વધારો વગેરેમાં ભંડોળનો દૂરુપયોગ કરવામાં આવ્યો હતો. આ કૌભાંડમાં રૂ. 35000 કરોડની ગોલમાલ

થઈ હતી. જે બિન હિસાબી કાળા નાણાંના પુરવઠામાં વધારો સૂચવે છે.

**(3) તેલગી કૌભાંડ :**

તેલગી કૌભાંડ કરનાર અબ્દુલ કરીમ તેલગી એ કર્ણાટકના ખાનપુર રેલ્વે સ્ટેશન ઉપર ફળ વેચતા હતા. ઝડથી શ્રીમંત બનવાના સપનાને સાકાર કરવા સાઉદ અરેબિયા ગયા અને ફરી મુંબઈ પાછા આવ્યા. તેમણે રણમાં કામદારો મોકલવા માટે ટ્રાવેલ એજન્ટ તરીકે ખાડી દેશોમાં કામ શોધી રહેલા મજૂરો માટે બનાવટી ઈમિગ્રેશન ક્લિયરન્સ દસ્તાવેજો મેળવવાના રેકેટમાં સામેલ થયા. 1991માં મુંબઈ પોલીસે બનાવટી અને છેતરપિંડી કરવાના આરોપસર ધરપકડ કરી જેલમાં પૂર્યા. ત્યાં એક સાથીદાર સાથે નકલી સ્ટેમ્પ પેપર બનાવવાનો આઈડીયા આવ્યો. જેલમાંથી છૂટ્યા બાદ 1994માં બિઝનેસ માટે લાયસન્સ મેળવ્યું. પછી તેણે સ્ટેમ્પ પેપર છાપવા માટે નાસિક સિક્યુરીટી પ્રેસ દ્વારા રદ કરાયેલી મશીનરી લીધી. સરકારી હરાજીમાં ખરીદેલી સમાન મશીનરીનો ઉપયોગ નકલી સ્ટેમ્પ પેપર અને અન્ય સંબંધિત સામગ્રી જેવી કે ન્યાયિક કોર્ટ ફી સ્ટેમ્પ, નોટરીયલ સ્ટેમ્પ અને શૅર ટ્રાન્સફર પ્રમાણપત્રો પછી સંસ્થાકીય ખરીદનારાઓને ભારે ડિસ્કાઉન્ટ ઉપર વેચવામાં આવ્યા હતા. તેના ગ્રાહકો, બેંકો, વીમા કંપનીઓ અને બ્રોકરેજ કંપનીઓ હતી. તેલગીએ 12 રાજ્યોમાં આ સ્ટેમ્પો વેચ્યા હતા. જેમાં સરકારી વિભાગોના અધિકારીઓની મિલીભગતથી જ આ કૌભાંડ ચાલ્યું હતું. ત્યારબાદ વિવિધ રાજ્યોમાં તેની વિરુદ્ધ કેસ ચાલ્યો. 2001માં અજમેરથી તેની ધરપકડ થઈ. 2007માં 20,000 કરોડ રૂપિયાના નકલી સ્ટેમ્પ પેપર કૌભાંડમાં 30 વર્ષની સખત કેદની સજા થઈ હતી. તેને બેંગલુરની સેન્ટ્રલ જેલમાં 2017માં મલ્ટી ઓર્ગન ફેલ્યોરથી મૃત્યુ થયું. અને તેના મૃત્યુ બાદ એક વર્ષ પછી નાસિક સેશન્સ કોર્ટે તેલગી અને અન્ય છ લોકોને તેમની વિરુદ્ધ "નક્કર પુરાવા"ના અભાવે નકલી સ્ટેમ્પ પેપરમાં નિર્દોષ જાહેર કર્યા. આમ વીસ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ એ કાળા નાણાં સ્વરૂપે અર્થતંત્રમાં વહેતુ થયું. આ રકમ તો પકડાયેલી છે પરંતુ તેનાથી અનેકગણી રકમ અધિકારીઓને લાંચરૂશ્વતમાં આપી તે અલગ. તેમ છતાં નિર્દોષ સાબિત થયા તે પણ ગજબની વાત ભારતની ન્યાયિક પ્રણાલીની ગણાય.

**(4) સત્યમ કૌભાંડ :**

એક દાયકા કરતાં વધુ સમયથી કૌભાંડ થયું હતું. ભારત સ્થિત આઉટ સોર્સીંગ કંપની સત્યમ કોમ્પ્યૂટર સર્વિસીસના સ્થાપક અને ડિરેક્ટરોએ ખોટા ખાતાઓ બનાવ્યા. શૅરના ભાવમાં વધારો કર્યો અને કંપનીઓમાંથી મોટી રકમની ચોરી કરી. આમાંથી મોટા ભાગનું રોકાણ પ્રોપર્ટીમાં કરવામાં આવ્યું. 2008ના અંતમાં જ્યારે હૈદરાબાદમાં પ્રોપર્ટી માર્કેટ પડી ભાંગ્યું ત્યારે છેતરપિંડી મળી આવી. જેનાથી સત્યમ પગેરું શોધાયું. આ કૌભાંડ 2009માં પ્રકાશમાં આવ્યું. જેના ચેરમેન બાયરાજુ રામલિંગમ્ રાજુએ કંપનીના ખોટા ખાતા છે તે કબુલ્યું. સત્યમ કૌભાંડ કે જેણે રોકાણકારોને વિખેરી નાખ્યા, હિસાબના ચોપડામાં ગોટાળો કરવામાં આવ્યો. દશ વર્ષથી વધુ સમય કૌભાંડ ચાલ્યું. આવક અને નફો વધ્યો હતો. શૅરધારકોને અંધારામાં રાખવામાં આવ્યા હતા. દેશની સૌથી મોટી કોર્પોરેટ છેતરપિંડી હતી. આ કૌભાંડ રૂ. 14000 કરોડ રૂપિયાનું હતું. આ 14000 કરોડ રૂપિયાએબિન-હિસાબી કે કાળા નાણાં સ્વરૂપે ગણાય.

**(5) IPL કૌભાંડ :**

ઈન્ડિયન પ્રીમીયર લીગ (IPL)ને દેશમાં મનોરંજનનું શ્રેષ્ઠ સ્વરૂપ માનવામાં આવતું હતું. IPL કમિશનરશ્રી લલિત મોદી અને વિદેશમંત્રી શ્રી શશિ થરૂરે IPL કૌભાંડ આચર્યું હતું. IPLમાં ઘણી ટીમોમાં હિસ્સો હોવાનો દાવો છે. IPL કૌભાંડ કરોડો રૂપિયાનું હતું.

આમ ભારતમાં દર વર્ષે અનેક નાના મોટા કૌભાંડો બહાર આવે છે. જે કાળા નાણાંની પ્રવાહિતતાને અદ્ધર કરે છે. એટલે કે જે કાળા નાણાંના પુરવઠામાં વધારો સૂચવે છે. જે અર્થતંત્રના આર્થિક નિર્ણયોમાં વિઘ્નકર્તા બની રહે છે.

ભારતમાં કાળુ નાણું રાખવા માટે પ્રતિબંધક સજાનો અભાવ છે. એક સર્વે મુજબ 2008 થી 2012ની વચ્ચે માત્ર ચાર વર્ષમાં ભ્રષ્ટાચારના કે કૌભાંડના 20,000થી વધુ કેસો દાખલ કરવામાં આવ્યા હતા. તેમાંથી માત્ર 20 ટકા કેસો જ અંતિમ નિષ્કર્ષ ઉપર પહોંચ્યા હતા. જે આપણા દેશની કાનૂની પ્રથાની ગરીબીનો નિર્દેશ કરે છે.

## 2.5 કાળા નાણાં ઉદ્‌ભવવાના કારણો

કાળા નાણાંના ઉદ્‌ભવ અને સંવર્ધન માટે અનેક કારણો જવાબદાર છે. જે પૈકી નીચે મુજબ મુખ્ય કારણો છે.

### (1) આર્થિક અંકુશો :

દેશમાં ચીજ-વસ્તુઓનું ઉત્પાદન ઓછું થાય ત્યારે અછતની સમસ્યા ઉદ્‌ભવે છે અને ચીજવસ્તુઓની ગેરવાજબી વહેંચણીની સમસ્યા સર્જાય છે. જેથી સરકાર અછતગ્રસ્ત વસ્તુ જેવી કે ખાંડ, સિમેન્ટ, લોખંડ, પોલાદ વગેરે પ્રાથમિક ચીજ-વસ્તુઓના ઉત્પાદનમાં પરવાના પ્રથા, અંકુશો, નિયંત્રણો, ક્વોટા વગેરેથી વિદેશી હૂંડિયામણના ભ્રષ્ટાચાર, લાંચ રૂશ્વતને કારણે મોટા પ્રમાણમાં કાળા નાણાંનું સર્જન થવા પામ્યું છે. ભારતમાં અંકુશો સતત વધારવામાં આવ્યા છે. પરિણામે બિનજરૂરી અંકુશોની ભરમાળ થઈ ગઈ છે. અમલદારો કે ઉચ્ચ અધિકારીઓની સત્તાઓ વધી ગઈ છે અને તેઓ સત્તાનો દૂરુપયોગ કરીને ભ્રષ્ટાચાર ફેલાવ્યો છે. સરકાર દ્વારા વિવિધ પ્રકારના અંકુશોને કારણે અપ્રમાણિક કરદાતાઓ જુદી જુદી યુક્તિઓ-પ્રયુક્તિઓ કરીને કાયદાની છટકબારીઓ શોધીને કાળુ નાણું એકત્રિત કરે છે. આમ સરકારી અંકુશો એ કાળા નાણાંનું જન્મસ્થળ કહી શકાય.

### (2) કરવેરાના ઊંચા દરો :

કાળા નાણાંના અસ્તિત્વ માટે વધુ પડતા કરવેરા, કરવેરાના અતિશય ઊંચા દરો અને ખામીયુક્ત કરમાળખું પણ જવાબદાર છે. ભૂતકાળમાં 1975-76માં કરવેરાનો મહત્તમ આવકવેરો 75 ટકા હતો અને સરચાર્જ સાથે 97.75 ટકા હતો. આથી સ્વાભાવિક રીતે જ ઊંચા કરવેરાથી કરદાતા કરચોરી કરવા અથવા કરવેરો છુપાવવા પ્રયત્ન કરે છે. જેમાંથી કાળા નાણાંનો ઉદ્‌ભવ થાય છે. કંપની ઉપરના કરવેરાના દર પણ ઘણા ઊંચા હતા. પરિશ્રમથી મેળવેલી આવક સરકારને મોટા ભાગની સોંપી દેવી પડતી હતી. જાહેર અર્થવિધાનના ઘણા અભ્યાસીઓએ ભારત દુનિયાનો સૌથી વધુ કરબોજ પીડિત દેશ તરીકે વર્ણવ્યો હતો. જો કે ભારતમાં અનેક સમિતિઓની રચના બાદ આવકવેરાના દર 75 ટકાથી ક્રમશઃ ઘટાડીને હાલમાં છેલ્લા કેટલાંક વર્ષોથી મહત્તમ 30 ટકા કરવામાં આવ્યા છે અને કંપની માટે મહત્તમ કર મર્યાદા 35 ટકા કરી છે. ભારતમાં કર માળખું ખામીયુક્ત હોવાથી લોકો કરચોરી કરવા પ્રેરાય છે.

### (3) મર્યાદિત ઉત્પાદનના સાધનો અને અછત :

દેશમાં વસ્તી વધારો અને ઉત્પાદનના સાધનો મર્યાદિત હોવાથી ઉત્પાદન ઓછું થાય છે. આથી ઉત્પાદન, વેચાણ અને ભાવો પરના સરકારી અંકુશોને કારણે અનેક વસ્તુઓની અછત ઉદ્‌ભવે છે. વસ્તુઓની અછતને કારણે અર્થતંત્રમાં વસ્તુની કિંમત કરતાં ઊંચા ભાવ લઈ કાળા બજાર અસ્તિત્વમાં આવ્યા. આવા સમયે સરકારે જાહેર કરેલાં ભાવથી વધુ ભાવ લઈને વસ્તુઓની અછતને કારણે ઉત્પાદકો, વેપારીઓ ચોરી છૂપીથી વેચાણ

કરે છે. આમ સરકારે જાહેર કરેલા ભાવથી વસ્તુઓના લીધેલા ઊંચા ભાવ કે તફાવતની રકમ હિસાબી ચોપડે ન દર્શાવતા ઉભડક રકમ કાળા નાણાં સ્વરૂપે સંતાડવામાં આવે છે અને આમ ઉત્પાદનના મર્યાદિત સાધનોને કારણે મર્યાદિત ઉત્પાદન તેમજ દેશની વધતી જતી વસ્તીની જરૂરિયાત કે વસ્તુની માંગમાં વધારો બજારમાં અછત સર્જાતા કાળા બજાર સ્વરૂપે કાળુ નાણું ઉદ્‌ભવવાનું સ્ત્રોત બને છે.

**(4) કૃષિ આવકને કરમુક્તિ :**

ભારતમાં કૃષિ એ મુખ્ય વ્યવસાય છે. દેશની 55 ટકા વસ્તી કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલ છે. કૃષિક્ષેત્રે પ્રાપ્ત થતી આવક ઉપર કોઈપણ જાતનો ટેક્ષ નથી. એ પાછળનો મહત્ત્વનો તર્ક કૃષિ ઉત્પાદન એ માનવીના જીવન ટકાવવા માટે પ્રાથમિક જરૂરિયાત છે. વળી ખેતી એ કુદરત આધીન અને પછાત અવસ્થામાં છે. આથી ખેતી ઉપરની આવકને કરમુક્ત રાખવામાં આવી છે. ખેતીક્ષેત્રેની આવક ઉપર કરમુક્તિ એ કરચોરી અને કાળા નાણાંના સર્જનમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. દેશમાં ઊંચી આવક મેળવતાં ડૉક્ટરો, નિયોજકો, ઉદ્યોગપતિઓ, રાજકીય નેતાઓ, અભિનેતાઓ વગેરે પોતાની ઊંચી આવક છુપાવવા થોડી ઘણી જમીન પોતાના નામે રાખીને અન્ય વ્યવસાયથી પ્રાપ્ત કરેલી આવકને ખેતી ક્ષેત્રમાંથી પ્રાપ્ત થતી આવક દર્શાવી કર ચોરી કરે છે. આ લોકોને કૃષિ ઉત્પાદન સાથે કંઈ લેવા દેવા નથી તેમ છતાં પોતાની આવક છુપાવી કાળા નાણાંના સર્જનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આમ કૃષિ આવકની કરમુક્તિ દેશમાં કાળા નાણાનું ઉદ્‌ભવ સ્થાન બન્યું છે.

**(5) પરોક્ષ વેરાના ઊંચા દરો :**

દેશમાં સરકારના આવકના મુખ્ય સ્ત્રોતોમાં કરવેરા મહત્ત્વના છે. કરવેરાના મુખ્ય બે સ્ત્રોતો પ્રત્યક્ષ કર અને પરોક્ષ કર. આ બંને પૈકી પ્રત્યક્ષ કર દ્વારા સરકાર આવક ઊભી કરવા માગે તો તેની ઉત્પાદન; બચત અને મૂડીરોકાણ ઉપર વિપરીત અસર થાય. આથી પ્રત્યક્ષ કરવેરા દ્વારા વધુ આવક પ્રાપ્તિની મર્યાદા સરકારને નડે છે. જ્યારે પરોક્ષ વેરા એ છૂપા વેરા કહેવાય છે. જેનો ખ્યાલ કર ભરનારને જલદી આવતો નથી કે આમાં ઉત્પાદન ખર્ચ કેટલું અને કરવેરો કેટલો હોય છે. તેની ગણતરી ખરીદનાર કરી શકતો નથી અને ચીજવસ્તુ સેવાની કિંમત ચૂકવે છે. આથી સરકાર આવક ઉપાર્જન માટે પરોક્ષ કર વધારવાનો પ્રયત્ન કરે છે. કર ઉપજમાં 1950-51માં પ્રત્યક્ષ વેરાનો હિસ્સો 30 ટકા હતો અને પરોક્ષ વેરાનો હિસ્સો 63 ટકા હતો. જે અનુક્રમે 1986-87માં 17 ટકા અને 83 ટકા થયો છે. જે દર્શાવે છે કે વસ્તુઓના ઉત્પાદન અને વેચાણ વગેરે ઉપર પરોક્ષ વેરા વધુ છે. વર્તમાન સમયમાં Value Add Tax (VAT)ની જગ્યાએ GST(Goods and Service Tax) વસ્તુઓ અને સેવાઓ ઉપરના વેરાનો દર નાખવામાં આવ્યો છે. જેના લીધે કરચોરીનું પ્રમાણ ઘટે છે. પરંતુ GST આવવાથી ઉત્પાદકો-વેચાણકર્તાઓ અને ખરીદનારાઓ બિલ વિના ખરીદી અને વેચાણ કરે છે. પરિણામે ઉત્પાદક કે વેચાણકર્તા તેમજ ખરીદનારને બિલ વગરના વહીવટથી કરચોરીને પ્રોત્સાહન મળે છે. આવી કરચોરી કાળા નાણાં ઉદ્‌ભવવાનું કારણ બને છે. આમ પરોક્ષ વેરાના ઊંચા દર એ પણ કાળા નાણાંનું જન્મ સ્થળ કહી શકાય.

**(6) ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ અને સોસાયટીઓ :**

ભ્રષ્ટાચારનો ભોરીંગ ભારતના અર્થતંત્રને ખોખલું કરી રહ્યું છે. કાળા નાણાં ઉદ્‌ભવવાના અનેક કારણો પૈકી ભ્રષ્ટાચાર એ સૌથી મોટું મહત્ત્વનું કારણ છે. ભદ્ર સમાજમાં લાંચ આપવી અને લાંચ લેવી એ એક શિષ્ટાચાર બની ગયો છે. રાજકીય નેતાઓ, સરકારી અમલદારો અને સનદી અધિકારીઓ પોતાની નૈતિક ફરજ અને (Ethiscs) આચારસંહિતા

ભૂલીને ખોટા કાર્યો કરી ઉદ્યોગપતિઓ અને ગરજવાન માણસોની ગરજનો દૂરુપયોગ કરી લાંચ લે છે. નાના સેવક વર્ગથી માંડીને ઉચ્ચ અધિકારીઓ લાંચ લેવી એ તેમનો મૂળભૂત અધિકાર હોય તેમ વિના સંકોચે નિયમ વિરુદ્ધ કટકી લે છે. જેને ક્યાંય દર્શાવી શકાતા નથી અને તે બિનહિસાબી કે કાળા નાણાંમાં પરિવર્તીત થાય છે. ચેરીટેબલ ટ્રસ્ટ અને NGO કે સોસાયટીઓ સેવાના ઉદ્દેશથી રચાયેલી હોય છે. તેઓ ભ્રષ્ટ રીતે કમાયેલા કાળા નાણાંને વાઈટ નાણાંમાં રૂપાંતર કરવાની ફેક્ટરીઓ બની ગઈ છે. જે કાળા નાણાંને પ્રોત્સાહિત કરે છે. આવી ભ્રષ્ટ સંસ્થાઓ કાળા નાણાં માટેની જાણે કે બેંકો બની ગઈ છે.

**(7) રાજકીય પક્ષોને અપાતા ફંડ ફાળા :**

લોકશાહી દેશમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, નગરપાલિકા, મહાનગરપાલિકા, વિધાનસભા અને સંસદસભા (રાજ્ય સભા) વગેરેની ચૂંટણીઓ આવે છે. જેમાં સત્તાધારી પક્ષ અને વિપક્ષ ઉપરાંત અનેક પક્ષના ઉમેદવારો ઊભા રહે છે. આ ઉમેદવારો ચૂંટણીમાં જીતવા માટે ચૂંટણી ભંડોળ કે દાન સ્વરૂપે મોટા ઉદ્યોગપતિઓ, કંપનીઓ અને ધનિકો પાસેથી નાણાં લે છે. જે તે પક્ષ સત્તા સ્થાને આવે એટલે જેમની પાસેથી ભંડોળ કે દાન લીધેલ હોય તેમના વ્યવસાય ઉપર મીઠી નજર રાખે અને આ ઉદ્યોગપતિઓ બે નંબરની સંપત્તિ સત્તાધારી પક્ષની મૂક સંપત્તિથી એકઠી કરે છે. આ બિનહિસાબી નાણાં અર્થતંત્રમાં ફરે છે જે કાયદા માન્ય નાણાંના પુરવઠાને સમાંતર હોવાથી આર્થિક નિર્ણયોમાં મોટી અસર કરે છે.

## 2.6 કાળા નાણાંની અસરો

કાળુ નાણું ઘણા દેશોમાં ગંભીર મુદ્દાઓમાંથી એક છે. ભારતમાં લાંબા સમયથી કાળા નાણાની સમસ્યા ઉદ્‌ભવી છે. કાળુ નાણું એક સામાજિક-આર્થિક અનિષ્ટ છે. દેશના આર્થિક વિકાસને ઊંધઈની જેમ ખોતરીને ખોખલું કરી નાખે છે. અર્થતંત્રમાં ઝડપથી વધી રહેલાં કાળા નાણાંના અસ્તિત્વના ગંભીર અને વિનાશક પરિણામો છે. કાળુ નાણું કેન્સર સમાન છે. જે અર્થતંત્રની શક્તિને ધીમે ધીમે ક્ષીણ કરી રહ્યું છે. એના કેટલાંક અનિષ્ટો અસર સ્વરૂપે નીચે મુજબ ગણાવી શકાય.

**(1) સમાંતર અર્થવ્યવસ્થા :**

કાળા નાણાંની સૌથી મોટી કોઈ અસર હોય તો તે સમાંતર અર્થ વ્યવસ્થા છે. રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા દ્વારા અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો બહાર પાડવામાં આવે છે. રિઝર્વ બેંક જેટલો નાણાંનો પુરવઠો બહાર પાડે છે તેટલો કે તેનાથી વધુ કાળા નાણાં સ્વરૂપે નાણાંનો પુરવઠો અર્થતંત્રમાં ફરી રહ્યો છે. સરકાર નાણાંના પુરવઠા વડે અર્થતંત્રમાં સ્થિરતા કે સમતુલા લાવવા પ્રયત્ન કરે. પરંતુ ઇચ્છિત લક્ષ્ય તરફ સરકાર પહોંચી શકતી નથી. કારણ કે કાળા નાણાં તેમાં રુકાવટ લાવે છે. દા.ત. ફુગાવાના સમયમાં રિઝર્વ બેંક અર્થતંત્રમાંથી નાણાંનો પુરવઠો પાછો ખેંચી લેવા માટે પ્રયત્ન કરી ફુગાવાને અંકુશમાં લેવાનો પ્રયત્ન કરે ત્યારે અર્થતંત્રમાં ફરતાં કાળા નાણાંનો પુરવઠો અર્થતંત્રમાં વધારે ફરતો હોવાથી ફુગાવાને અંકુશમાં લેવા દેતો નથી.

સમાંતર અર્થવ્યવસ્થા એટલે રિઝર્વ બેંક દ્વારા નાણાંનો પુરવઠો બહાર પાડવામાં આવે. એટલે કે અર્થતંત્રમાં નાણાંના પુરવઠાની પ્રવાહિતતા હોય તેના જેટલું જ બિનહિસાબી નાણું અર્થતંત્રમાં ફરી રહ્યું હોય. કાયદામાન્ય નાણાં જેવી જ કામગીરી બજાવતું હોય તેને સમાંતર અર્થવ્યવસ્થા કહેવામાં આવે છે. ટૂંકમાં કાયદામાન્ય નાણું જે કાર્ય કરે અને અર્થતંત્રમાં ઉત્પાદન, આવક, રોજગારી, વપરાશ, બચત, મૂડી રોકાણ વગેરે ઉપર જે

અસરો પહોંચાડે તેવી જ અસરો કાળુ નાણું પહોંચાડે છે. આથી સરકારનો કાયદામાન્ય નાણાં ઉપરનો અંકુશ કાળા નાણાંની પ્રવાહિતતાને કારણે બિનઅસરકરાક સાબિત થાય છે. આમ કાળું નાણું દેશમાં સત્તાવાર અર્થવ્યવસ્થા સાથે સમાંતર રીતે કામ કરી રહ્યું છે. જેના ઉપર સરકારનો અંકુશ હોતો નથી. વળી સફેદ નાણાંની અર્થવ્યવસ્થામાંથી કાળા નાણાંને ઓળખવું મુશ્કેલ છે. આવી કાળા નાણાં સ્વરૂપની સમાંતર અર્થવ્યવસ્થા દેશના સમગ્ર આર્થિક વિકાસને બરબાદ કરી નાખે છે.

**(2) આવકની અસમાનતામાં વધારો :**

કાળા નાણાંને કારણે ઉદ્યોગપતિઓ, વેપારી વર્ગ, ઉત્પાદક વર્ગ, વ્યવસાયમાં કે સ્વરોજગારીના વ્યવસાય સાથે જોડાયેલાં વ્યક્તિઓ કરવેરા સ્વરૂપે સરકારને આવક ઓછી ચૂકવે છે અથવા ચૂકવતા નથી. જેથી તેમની આવકોમાં વધારો થાય છે. જ્યારે શ્રમિકો, કર્મચારીઓ, નોકરીયાતો, વેતન કે પગાર મેળવતાં પગારદારો, સ્થિર આવકો ધરાવનાર વર્ગને પ્રમાણિકપણે કર ચૂકવણી કરતાં હોવાથી તેમની આવકમાંથી કર સ્વરૂપે આવક જતી રહેતાં તેમની પાસે આવકો ઘટે છે. તેઓ આર્થિક રીતે ગરીબ કહેવાય. જ્યારે ઉત્પાદકવર્ગ, વેપારી કે ઉદ્યોગપતિઓ કે ધનાઢ્ય લોકો કરચોરી દ્વારા પુષ્કળ બિનહિસાબી કાળુ નાણું એકત્રિત કરે છે. આ કાળા નાણાંરૂપી આવકથી પોતાની ધનાઢ્યતાનું નગ્ન પ્રદર્શન કરવા અતિ મોંઘી પ્રતિષ્ઠા મૂલ્ય ધરાવતી ચીજવસ્તુઓની ખરીદી કરે છે. ધનિકો વચ્ચેની હરિફાઈ અને સમૃદ્ધિનું નફ્ફટ પ્રદર્શન કરવા મોજશોખની ચીજ વસ્તુઓ ઉપર બેફામ ખર્ચાઓ કરે છે. બીજી બાજુ ગરીબ અને મધ્યમ વર્ગ તેમની જરૂરિયાતની ખરીદવા માટે શક્તિમાન નથી. કાળા નાણાંને કારણે સમાજમાં આવકની અસમાનતાઓ વધતી જાય છે. મુઠીભર ધનિકોના હાથમાં આર્થિક સત્તાનું કેન્દ્રીયકરણ થાય છે. વળી સરકારી અધિકારીઓ કે જેમની પાસે નાગરિકોને પરવાના, પરમીટ, મંજૂરી, ક્વોટા, રેશનકાર્ડ, પાસપોર્ટ કે જુદા જુદા પ્રકારના પ્રમાણપત્રો આપવાની સત્તા છે. તેઓ નાગરિકોને મળવાજોગ અધિકારોમાંથી લાંચ રૂશ્વત લઈને વિવિધ પ્રકારના પ્રમાણપત્રો આપે છે. આમ સરકારી અમલદારો કે નોકરીયાતો કે જેમની કામગીરી હોવા છતાં સરકારના પગાર ઉપરાંત લાંચ લઈને (નાગરિકોને ચૂંસીને) નાણાં લે છે. આ ભ્રષ્ટાચારરૂપી નાણાં કાળા નાણાંમાં પરિવર્તિત થાય છે. સામાન્ય સરકારી અધિકારી પણ મોંઘીદાટ કાર, બંગલા અને મોજશોખની વસ્તુઓ ખરીદવા માટે શક્તિમાન હોય છે. સામાન્ય રીતે કહેવત છે કે સરકારી નોકરી એટલે સરકારના જમાઈ, સરકારી નોકરીવાળા અને અમલદારોને ઊંચા પગાર વારં વાર મોંઘવારી ભથ્થાં તેમજ લાંચરૂશ્વત રૂપી ઘણી આવકો મળે છે. જ્યારે સામાન્ય કામ કરનાર કે નોકરીથી વ્યક્તિ માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવે છે. આમ અર્થતંત્રમાં અમીર-ગરીબ લોકોનો વર્ગ ઊભો થઈ આવકની અસમાનતા કાળા નાણાંને કારણે દિવસે દિવસે વધતી જાય છે.

**(3) સરકારની કુલ આવકમાં ઘટાડો :**

અર્થતંત્રમાં કાળા નાણાંનો વ્યાપ વિસ્તરતો જ જાય છે. અર્થતંત્રમાં જેટલા પ્રમાણમાં કાળુ નાણું છે તે સરકારને મળવાપાત્ર કરની આવક એટલે કે પ્રત્યક્ષ કે પરોક્ષ કર સ્વરૂપે સરકારને જે આવક મળવી જોઈતી હતી તે રકમ છે. કાળા નાણાંને કારણે સરકારને સીધી રીતે જ ઓછી આવક મળે છે. કરચોરીને પરિણામે સરકાર પૂરતી કરવેરા આવક મેળવવામાં નિષ્ફળ જતી હોવાને કારણે કર ઉપજ દ્વારા ઓછી રાષ્ટ્રીય આવક પ્રાપ્ત કરે છે. આથી સરકાર જાહેર ખર્ચાઓને પહોંચી વળવા માટે આવકના અન્ય સ્ત્રોતો ઉપર આધાર રાખવો પડે છે. સરકારને જાહેર આવક કરતાં જાહેર ખર્ચ વધી જતાં આંતરિક કે બાહ્ય દેવું કરવું પડે છે. અથવા ખાધ પૂરવણીનો આશરો લેવો પડે છે. અથવા વિદેશી ચલણની

અનામતોમાંથી ઉપાડ કરીને ખર્ચને પહોંચી વળવું પડે છે. આ ત્રણેય બાબતો દેવું, ખાધપૂરવણી અને વિદેશી ચલણની અનામતોનો ઉપાડ આખરે અર્થતંત્રને આર્થિક રીતે તોડી નાખે છે. દેશમાં આર્થિક અસ્થિરતા સર્જાય છે. જે દેશના વહીવટ માટે હાનિકારક સાબિત થાય છે અને દેશના આર્થિક વિકાસને ધીમો પાડે છે. સરકારની કરવેરા સ્વરૂપની આવકના અભાવે દેશનો આર્થિક વિકાસ રૂંધાય છે.

આપણો દેશ અલ્પવિકસિત કે વિકસતો જતો દેશ છે. સરકારને આર્થિક પ્રવૃત્તિના વિકાસ માટે પ્રાપ્ત થતી પૂરતી આવક ન મળતાં આર્થિક વિકાસના કાર્યક્રમો ઝડપથી અમલમાં મૂકી શકાતા નથી. જે કાર્યો શરૂ કર્યા છે તે નાણાંના અભાવે પૂર્ણ કરી શકાતા નથી. સરકારની આવકો ઘટતાં વિવિધ પ્રકારની યોજનાઓ કાં તો અધૂરી છોડવામાં આવે છે. અથવા આ યોજનાઓ અધવચ્ચે પડતી મૂકવી પડે છે. પરિણામે તેમાં કરેલુ મૂડીરોકાણ પણ વેડફાઈ દેશના આર્થિક વિકાસને મંદ કરે છે. આમ કરચોરી કે કાળા નાણાંની સીધી જ અસર સરકારની આવકને અને તેના ફળ સ્વરૂપ દેશના આર્થિક વિકાસ ઉપર પડે છે. જેથી દેશ લોકોની જીવનની ગુણવત્તામાં ઘટાડો લાવે છે અને સરકારની નિર્ણય શક્તિમાં વિઘ્નરૂપ સાબિત થાય છે.

### (4) કરના ઊંચા દરો અને ફુગાવાને પ્રોત્સાહન :

સરકાર દ્વારા કરવામાં આવતા ખર્ચ માટે કરવેરા એ આવકનું સૌથી મોટું સ્ત્રોત છે. લોકો કાળા નાણાં સ્વરૂપે પોતાની આવકો છુપાવે છે તેટલાં પ્રમાણમાં સરકાર પાસે કરની આવક આવશે નહીં. પરિણામે સરકાર ખર્ચને પહોંચી વળવા માટે પ્રત્યક્ષ કર કે પરોક્ષ કરમાં વધારો કરશે. પ્રત્યક્ષ કર વધારતાં કરદાતાઓ ઉપર વિપરીત અસર પડે છે માટે સરકાર પરોક્ષ કરમાં વધારો કરી આવક મેળવવા પ્રયત્ન કરશે. પરોક્ષ કર વધતાં ચીજવસ્તુ અને સેવાઓની કિંમતમાં વધારો થશે. જે અર્થતંત્રમાં ફુગાવા સ્વરૂપે બહાર આવશે. આમ કાળું નાણું કરવેરાના દર ઊંચી લઈ જવા અને અર્થતંત્રમાં ભાવવધારો કે ફુગાવાનું જનક ગણી શકાય.

રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાએ પોતે સ્વીકાર્યું છે કે ભારતીય અર્થવ્યવસ્થામાં ચલણમાં રહેલાં નાણાંની માત્રા કાગળો પરના નાણાંના પ્રવાહ કરતાં ઘણી વધારે છે. દેખીતી રીતે બજારમાં કાળા નાણાંનો પણ સમાવેશ થાય છે. આથી હિસાબી નાણાં અનુસાર જે માલ અને સેવાઓ બજારમાં હતી તેના ભાવમાં વધારો થાય છે. જેના પરિણામે ફુગાવો અસ્તિત્વમાં આવે છે.

### (5) ઉત્પાદનના સાધનોની અયોગ્ય ફાળવણી :

સામાન્ય રીતે પોતાની આવક છુપાવીને કે કરચોરીથી દ્વારા પ્રાપ્ત થયેલાં નાણાંની પ્રાપ્તિ માટે વ્યક્તિએ વિશેષ પરિશ્રમ કરેલો હોતો નથી. આથી આવા કાળા નાણાંનો ઉપયોગ મોટેભાગે ધનિકો, ઉદ્યોગપતિઓ કે સરકારી મોટા અમલદારો ભોગ વિલાસ કે પાછળ કરશે. આ વસ્તુઓની માંગ ઉપયોગ મૂલ્ય કરતાં પ્રતિષ્ઠા મૂલ્ય ઊંચુ હોય છે. અર્થતંત્રમાં આવી વૈભવ વિલાસની દારૂ, ગાંજા, કોકીન ગેરકાયદેસર વસ્તુ હોય છે. વધુ નફો કમાવવા આ વ્યસની કે વૈભવી વસ્તુના ઉત્પાદન કરવા ઉત્પાદનના સાધનો ગતિશીલ બનશે. ઉત્પાદનના સાધનો મર્યાદિત છે પરિણામે પ્રાથમિક જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ઉત્પાદન માટે ઉત્પાદનના સાધનો ઓછા પડશે. વળી પ્રાથમિક જીવન જરૂરિયાતની વસ્તુઓનું ઉત્પાદન ઘટતાં તેના ભાવો વધે છે. બીજી બાજુ ધનિકો કે કાળા નાણાંનું સર્જન કરનારની વૈભવી વસ્તુઓની માંગ વધતાં તેના ભાવો પણ વધે છે. આમ, ફુગાવો ભાવ વધારાને કારણે અસ્તિત્વમાં આવે છે. ઉત્પાદનની પેટર્ન વિકૃતિ સર્જે છે. ઉત્પાદનના મર્યાદિત સાધનોનો બગાડ થાય છે. આમ ઉત્પાદનના સાધનોની અયોગ્ય ફાળવણી થાય

છે. જે સમાજ કે રાષ્ટ્ર માટે હાનિકારક છે.

**(6) બચતમાં ઘટાડો અને બિન-ઉત્પાદકીય દિશાઓમાં મૂડી રોકાણ :**

દેશમાં કાળા નાણાં દ્વારા પ્રાપ્ત કરેલ નાણાંની બચત થતી નથી. આ નાણાંના સર્જન દ્વારા ધનિકોનો એક વર્ગ અસ્તિત્વમાં આવે છે. જેની પાસે પુષ્કળ કાળુ ધન છે આ કાળું ધન બચત સ્વરૂપે રાષ્ટ્રમાં મૂડીરોકાણ અર્થે વપરાતું નથી. પરંતુ બિનહિસાબી કાળા નાણાંનો ઉપયોગ જમીન, જાગીર, મકાનો, સોનુ, ચાંદી, હીરા-માણેક, ઝવેરાત વગેરે પાછળ અને પોતાની પ્રતિષ્ઠા વધારવા કે વૈભવનો દેખાડો કરવામાં થાય છે. વળી ધનિકોમાં વૈભવનો દેખાડો કરવાની હરિફાઈ વધતી જાય છે. પરિણામે બિનઉત્પાદકીય દિશાઓમાં મૂડીરોકાણ વધે છે. જેને સાદી ભાષામાં Deal Investment કહેવાય. એટલું જ નહીં અર્થતંત્રમાં ઉત્પાદકીય મૂડીરોકાણનું પ્રમાણ ઘટતાં દેશમાં મૂડીરોકાણનું માળખું વિકૃત સ્વરૂપ ધારણ કરે છે. જે અંતે આર્થિક વિકાસ માટે મૂડીરોકાણની અછત સર્જાતા વિકાસ મંદ પાડે છે. જે દેશના ઉજ્જવળ ભાવિ માટે હાનિકારક છે. આમ કાળુ નાણું કુલ બચતમાં ઘટાડો લાવે છે. બિન જરૂરી મોજશોખ કે બાહ્ય દેખાડો કરતી વપરાશવૃત્તિ વધારી બિન ઉત્પાદકીય મૂડીરોકાણને વેગ આપી રાષ્ટ્રના ઉત્પાદકીય મૂડીરોકાણમાં ઘટાડો લાવે છે. જેની અંર્થતંત્ર ઉપર માઠી અસરોનું સર્જન થાય છે. વળી નિયોજકો પોતાની નિયોજન શક્તિનો ઉપયોગ ઉત્પાદન કે ઉત્પાદકતા વધારવાને બદલે કાળુ નાણું છુપાવવા ખોટા હિસાબો અને કાળા નાણાં ઢાંકવાની પ્રવૃત્તિ પાછળ વિશેષ ખર્ચાય છે. આમ કાળુ નાણું માત્ર બચતનો કે મૂડીરોકાણ ઉપર વિપરીત અસર તો કરે છે પણ સાથે સાથે નિયોજકોની નિયોજન શક્તિને નબળી કરે છે.

**(7) સોસાયટીના સામાન્ય નૈતિક ધોરણોનું પતન :**

કાળા નાણાંની વપરાશને કારણે ધનિકો બેફામ ખર્ચાઓ કરે છે. આ ખર્ચાઓ જોઈને મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના લોકો દેખાદેખીની અસર તળે કરચોરી કરવા પ્રેરાય છે. કાળા નાણાં અને કરચોરીની સૌથી વિશેષ વિપરીત અસર સમાજ ઉપર થાય છે. સમાજમાં મહેનતુ તેમજ કરકસર કરનાર વર્ગ પ્રામાણિક પણે કરવેરો ભરે છે. જ્યારે અપ્રમાણિક કરચોરો પોતાની આવક છુપાવીને બેફામ ખર્ચાઓ કરે છે. પ્રામાણિક વ્યક્તિ દંડાય છે અને જીવન જરૂરી ચીજવસ્તુઓના અભાવથી પીડાય છે. અપ્રમાણિક વ્યક્તિ વૈભવી વસ્તુઓનો ઉપયોગ કરીને ધનની રેલમછેલમ કરે છે. સમાજના દષ્ટિકોણથી કાળી આવકનું ઉત્પાદન અનૈતિક છે. એટલું જ નહીં પ્રમાણિક, મહેનત, કરકસર અને સામાજિક મૂલ્યો કાળા નાણાંને પરિણામે ક્ષીણ થતાં ગયા છે. લોકો વિશ્વસનીયતા ગુમાવે છે અને સોસાયટીના સામાન્ય નૈતિક ધોરણોનું પતન થાય છે. જે તંદુરસ્ત રાષ્ટ્ર નિર્માણ માટે હાનિકારક છે. સમાજમાં નીતિમત્તાના ધોરણો નીચે ઉતરે છે. સમગ્ર સમાજની વિચારસરણી કલુષિત બને છે. નૈતિક મૂલ્યો બદલાય છે.

**(8) સમાજમાં ગુનાહિત પ્રવૃત્તિઓમાં વધારો :**

વર્તમાન સમયમાં દેશમાં ગુનાહિત પ્રવૃત્તિઓ વધવા માંડી છે. એનું મહત્ત્વનું કારણ ગેરકાયદેસર રીતે કમાયેલી આવક છે. વળી કાળુ નાણું સામાન્ય રીતે સમાજમાં વિવિધ કાયદેસર પ્રવૃત્તિઓનો જન્મ આપે છે. ચૂંટણીના સમયગાળામાં કાળા નાણાંનો ગેરકાયદેસર ઉપયોગ થાય છે. વિવિધ આતંકવાદી પ્રવૃત્તિઓમાં કાળા નાણાનો સંગ્રહ કરનારાઓની બેકઅપ શક્તિ હોય છે. જે સમગ્ર દેશ માટે હાનિકારક પણ છે. અસામાજિક તત્ત્વોના વિવિધ જૂથો પાસેના ગેરકાયદેસર હથિયારો સામાન્ય રીતે કાળા નાણાંના ઉપયોગ દ્વારા ખરીદવામાં આવે છે. દેશના યુવાનો અને શ્રમકાર્ય કરનારા શ્રમિકો માટે ડ્રગ્સ સૌથી મોટો દુશ્મન છે. વિવિધ કૉલેજો, હોસ્ટેલો, હૉટલો, વિવિધ ક્લબો અને બારમાં ડ્રગ્સની હેરાફેરી

અને દાણચોરી કાળા નાણાંની મદદથી કરવામાં આવે છે. એટલું જ નહીં ડ્રગ્સની હેરાફેરીમાં યુવાનવર્ગ સંકળાયેલો છે. યુવાનો ડ્રગ્સ લેવાના વ્યસની બની જાય છે. દેશનું યુવા ધન અવળે માર્ગે જાય છે અને આ બધી પ્રવૃત્તિઓમાં કાળા ધનનો ઉપયોગ થાય છે. સાથે સાથે આ પ્રવૃત્તિઓથી નવું કાળું નાણું સર્જાય છે. દિવસે દિવસે મોટા મોટા માફિયાઓ નવી નવી દિશાઓ ખોલીને સમાજમાં ગુનાહિત પ્રવૃત્તિઓમાં વધારો કર્યે જ જાય છે.

**(9) સાર્વજનિક ચીજવસ્તુઓ અને સેવાઓની ગુણવત્તામાં ઘટાડો :**

સાર્વજનિક ચીજવસ્તુઓ અને સેવાઓની ગુણવત્તામાં ઘટાડો જોવા મળે છે. કંઈક અંશે દેશમાં પ્રવર્તમાન ભ્રષ્ટાચાર સાથે સંબંધિત છે કે જે લોકો ઉત્પાદકો અને માર્કેટિંગ સ્ટાફ અથવા સેવા પ્રદાતાઓને લાંચ આપે છે. તેઓ સ્વાભાવિક રીતે સામાન્ય જનતાની તુલનામાં સારી ગુણવત્તાની પ્રોડક્ટ્સ અને સેવાઓ મેળવે છે. જેમને સમાન ઉત્પાદનો પ્રદાન કરવામાં આવશે નહીં અને સેવાઓની ગુણવત્તાનો ભોગ બનવું પડશે. વાસ્તવિક જીવનનું ઉદાહરણ જે લગભગ દરેક વ્યક્તિએ અનુભવ્યું છે કે જો કોઈ સરકારી અધિકારી પાસે કોઈ કામ કરાવવા જાય અને લાંચ આપે તો તેનું કામ ઝડપથી પતી જશે અને જે લાંચ આપતા નથી તેમને રાહ જોવાની અને ધક્કા પણ ખાવાના. એમની સમય અને શક્તિનો બગાડ થાય છે. સરકારી અધિકારીઓને લાંચ આપવી એ એક શિષ્ટાચાર બની ગયો છે. આમ કાળુ નાણું ચીજવસ્તુઓ અને સેવાઓની ગુણવત્તામાં ઘટાડો લાવે છે.

**(10) રાજકીય ભ્રષ્ટાચારને પ્રોત્સાહન :**

ભારતમાં ભય અને ભ્રષ્ટાચારે માજા મૂકી છે. દેશમાં કોઈપણ જગ્યાએ કે સ્થળે ભ્રષ્ટાચાર વગર કોઈ કામ થતાં નથી. લાંચ રૂશ્વત લેનાર અને આપનાર બંને વચ્ચે એક અલિખિત કરાર હોય તેવું છે. ભારતમાં પહેલેથી જ સંખ્યાબદ્ધ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. કાળુ નાણું છુપાવવા માટે જે ગેરકાયદેસર વ્યવહારો કરવામાં આવે છે તેને ભ્રષ્ટાચાર કહેવાય છે. અમલદારો, સરકારી અધિકારીઓ વગેરેને લાંચ આપવામાં આવે છે. તે બિનહિસાબી ચોપડે જાય છે. તેને આવક તરીકે દર્શાવવામાં આવતી નથી. જે સમાજમાં વધુ કાળુ નાણું ઉમેરે છે. રાજકારણીઓ અને મોટા અધિકારીઓ કાળા નાણાં એકત્ર કરવામાં ભ્રષ્ટ યુક્તિઓ અજમાવતાં અચકાતા નથી. વળી ચૂંટણી વખતે મોટા ઉદ્યોગપતિઓ, કંપનીઓ અને અધિકારીઓ ચૂંટણી ભંડોળના નામે રાજકીય પક્ષોને ફંડ ફાળા આપે છે. જે તે પક્ષ સત્તા સ્થાને આવે ત્યારે ચૂંટણી ભંડોળ આપ્યું છે તેવા વર્ગને ગેરકાયદેસર રીતે મદદ કરવામાં આવે છે. જેથી આવા વર્ગ બિનહિસાબી કાળા નાણાં રૂપે પ્રાપ્ત કરે છે. આમ ભારતીય લોકશાહીની તંદુરસ્ત પ્રણાલી અને સ્થિરતા કાળા નાણાને કારણે જોખમાય છે. વળી પ્રજાની વિચારસરણીમાં પણ પરિવર્તન આવે છે. ભ્રષ્ટાચારનો ભોરીંગ પ્રજાની તંદુરસ્ત માનસિકતાને ખતમ કરી નાખે છે. રાજકીય કાવાદાવામાં પણ પુષ્કળ કાળા નાણાંનો સરેઆમ ઉપયોગ થાય છે. રાજકીય નેતાઓ પ્રજાની સેવા કરવાને બદલે જે તે પક્ષમાં કાળા નાણાંરૂપી ભ્રષ્ટાચારથી ખરીદાય છે અને લોકશાહી સમાજમાં લીરેલીરા ઊડી જાય છે. કાળા નાણાંનું વર્ચસ્વ રાજકીય તંદુરસ્તીને બરબાદ કરી રહ્યું છે. આમ કાળા નાણાંની વિપરીત અસર રાજકીય વ્યવસ્થા ઉપર પડે છે.

**(11) નાણાકીય અને રાજકોશીય નીતિ ઉપર વિપરીત અસર :**

કાળા નાણાં સરકારના મૂડી રોકાણ અને શાખ નિયંત્રણના પગલાંને બિન અસરકારક બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કાળા નાણાંને કારણે આર્થિક આયોજન નિરર્થક બની જાય છે. કાળા નાણાંનું અસ્તિત્વ રિઝર્વ બેંકની નાણાકીય નીતિને નિર્માલ્ય બનાવી દે છે. રિઝર્વ બેંક અર્થતંત્રની આર્થિક અસ્થિરતાને દૂર કરવા અને સ્થિરતા લાવવા માટે પ્રયત્ન કરે છે અર્થતંત્રમાં ફરતું કાળુ નાણું આર્થિક સ્થિરતા સ્થાપવામાં વિઘ્નરૂપ સાબિત

થાય છે. દા.ત. ફુગાવાને અંકુશમાં લેવા રિઝર્વ બેંક મોંઘી નાણાકીય નીતિ અપનાવવાનો પ્રયત્ન કરે. જેમ કે બેંક રેટમાં વધારો કરી બેંકના વ્યાજના દર ઊંચા કરે છે. અર્થતંત્રમાંથી જામીનગીરીઓની ખરીદી, રોકડ અનામત પ્રમાણમાં વધારો કરવો અને શાખ નિયંત્રણના સાધનો દ્વારા શાખી નાણાના પુરવઠામાં ઘટાડો કરવાનો પ્રયાસ કરે છે. જેથી અર્થતંત્રમાં ફરી રહેલું કાયદા માન્ય નાણાંના પુરવઠાને અંકુશિત કરી ફુગાવાને અંકુશમાં લેવાનો પ્રયત્ન રિઝર્વ બેંક કરે છે. પરંતુ અર્થતંત્રમાં સમાંતરરૂપે ફરતું કાળુ નાણું રિઝર્વ બેંકની મોંઘી નાણાકીય નીતિને નિષ્ફળ બનાવે છે. કારણ કે કાળા નાણાંરૂપી નાણાંનો પુરવઠો ચીજવસ્તુઓ અને સેવાઓની માંગમાં વધારો કરી ફુગાવાને આમંત્રિત કરે છે.

આવી જ રીતે રાજકોશીય નીતિ ફુગાવાને અંકુશમાં લેવા માટે અને અર્થતંત્રમાંથી નાણાંની માંગને ઘટાડવા માટે કરવેરાના દરમાં વધારો કરે છે આંતરિક દેવા સ્વરૂપે દેશની કંપનીઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કે પ્રજા પાસેથી નાણાના પુરવઠાને ઓછો કરવામાં આવે અથવા સરકાર જાહેર ખર્ચમાં કાપ મૂકીને અર્થતંત્રમાં ફરતા નાણાંને અંકુશિત કરવા પ્રયત્ન કરે છે અને ફુગાવાને અંકુશમાં લેવાનો પ્રયત્ન કરવામાં આવે છે. પરંતુ કાયદા માન્ય નાણાં જેટલું જ કે તેથી વધુ બિન હિસાબી - સમાંતર નાણું એટલે કે કાળુ નાણું અર્થતંત્રમાં ફરી રહ્યું છે. જે કરચોરી કે સંગ્રહાયેલા કાળા નાણાં વડે અર્થતંત્રમાં ચીજવસ્તુ કે સેવાની માંગમાં વધારો કરે છે અથવા રાજકોશીય નીતિના સાધનોની અસરકારકતા ઓછી કરવામાં કાળુ નાણું મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આમ કાળુ નાણું રીઝર્વ બેંકની નાણાકીય નીતિ તેમજ રાજકોશીય નીતિ ઉપર વિપરીત અસર પહોંચાડે છે.

### (12) દુર્લભ સંસાધનોનું વિતરણ અને અપ્રમાણિકતાનું સામ્રાજ્ય :

કાળા નાણાં ધારકો પાસે કરચોરીથી કમાયેલી આવક હોવાથી તેમની પૈસા ચૂકવવાની ક્ષમતા હંમેશા વધુ રહેતી હોય છે. પરિણામે બજારમાં દુર્લભ માલ ઉપર તેમનો દાવો કરવાની સ્થિતિમાં હોય છે. જેનાથી પ્રમાણિક અને ગરીબ લોકોને વંચિત રાખવામાં આવે છે. જે દેખીતી રીતે ભારતીય સમાજના ચોખ્ખા આર્થિક કલ્યાણને ઘટાડે છે. વળી કાળા નાણાંને લીધે અર્થતંત્રમાં બેઈમાનો કે જેઓ અનૈતિક રીતે છૂપી આવકો કમાયા છે. તેઓનું સામ્રાજ્ય સ્થપાય છે. જે લોકો નીતિમત્તાથી કે પ્રમાણિકતાથી આવક કમાય છે તેઓ ચીજવસ્તુઓથી વંચિત રહે છે. પરિણામે પ્રમાણિક લોકો અપ્રમાણિક બનવા લલચાય છે. ધનિકો પોતાના વૈભવનું પ્રદર્શન કરવા હરિફાઈ કરે છે. તેમની જાહોજલાલી જોઈને મધ્યમ કે ગરીબ વર્ગ પણ અપ્રમાણિક સંપત્તિ એકઠી કરવા પ્રયત્નશીલ બને છે. આમ કાળુ નાણું અપ્રમાણિકતાના સામ્રાજ્યની માયાજાળ રચે છે. કાળા નાણાંને કારણે ગુનાહિત પ્રવૃત્તિઓમાં પણ વધારો થાય છે અને અસાધારણ વપરાશી ખર્ચમાં પણ વધારો થાય છે.

## 2.7 કાળુ નાણું દૂર કરવાના ઉપાયો

કોઈપણ રાષ્ટ્ર માટે કાળા નાણાંનું અસ્તિત્વ દેશના આર્થિક વિકાસને ઊંધઈની જેમ કોરી ખાય છે. અર્થતંત્રને અંદરથી ખોખલું કરી દે છે. દેશની આર્થિક વ્યવસ્થા સરકારના અનેક પ્રયત્નો છતાં ખોરવાઈ જાય છે. જેના ઉપાયો કરવા અતિ આવશ્યક છે. કાળા નાણાં દૂર કરવા માટે વાંચ્છુ સમિતિ અને ડૉ. રાજા ચેલૈયાહ સમિતિના સૂચનો ઘણાં જ આવકાર્ય છે. જે નીચે મુજબ છે.

### (1) કરવેરાના મહત્તમ સીમાંત દરો :

આપણા દેશમાં પ્રત્યક્ષ કરવેરાનો દર એક સમયે સરચાર્જ સહિત 97-5 ટકા હતો. પરિણામે પ્રમાણિક કર ભરીને વ્યવસાય કરવો પરવડે નહિ. આથી કરચોરીને પ્રોત્સાહન

મળતું હતું. આથી કરવેરાના દર ઓછા કરીને પ્રજાને કરચોરી કરતાં અટકાવવાની જરૂર છે. ઈ.સ. 1984માં કરવેરાના દર સતત ઘટીને 55 ટકા થયા હતા. જે હાલમાં 1997-98થી મહત્તમ આવકવેરો 30 ટકા તેમજ કોર્પોરેટ વેરાનો દર 35 ટકા કરવામાં આવ્યો છે. આયાત જકાતો પણ ઘટાડવામાં આવી છે. કરવેરાના નીચા દર કરદાતાને પ્રમાણિકપણે કર ભરવા તૈયાર થશે. પ્રમાણિકપણે કરવેરો ભરાતાં સરકારની આવકમાં વધારો થાય છે. ઊંચી કરવેરાના દરને કારણે કર સ્વરૂપે નાણાં સરકારને આપવા કરદાતાઓને ગમતા નથી. પરંતુ કરવેરાના નીચા દર પ્રજા ઉપર કર બોજ ઓછો લાગશે અને સરકારને કુલ કરવેરા સ્વરૂપે વધુ આવકો પ્રાપ્ત થશે. આ આવકો વડે સરકાર પ્રજાના કલ્યાણ કે વિકાસલક્ષી કાર્યો કરવા સક્ષમ બનશે. વળી બીજી બાજુ પ્રમાણિક કરદાતાનું કુલ પ્રમાણ વધશે. કરચોરીનું પ્રમાણ ઘટતાં અર્થતંત્રમાં બિનહિસાબી કાળા નાણાંનું  પ્રમાણ નગણ્ય રહેશે.

**(2) વેચાણ વેરો :**

વાંચ્છુ સમિતિએ વેચાણવેરાને બદલે વધારાની આવકારી જકાતો નાખવાની ભલામણ કરી હતી. જેથી કરચોરીને પ્રોત્સાહન મળે નહીં. ત્યારબાદ 2006માં Value Added Tax (VAT) મૂલ્યવર્ધિત કર નાખવામાં આવ્યો અને 1 જુલાઈ 2017માં Goods and Service Tax (GST) નાખવામાં આવ્યો. જેમાં પેટ્રોલીયમ પ્રોડક્ટ્સમાં VAT હતો. તેનો સમાવેશ GSTમાં રાજ્યોએ કર્યો નથી. જુદી જુદી ચીજવસ્તુઓ અને સેવાઓ ઉપર અલગ અલગ GSTના દર રાખવામાં આવ્યા. જેથી કોઈપણ કરદાતા (ઉત્પાદક, વેપારી કે ગ્રાહક) કરમાંથી મુક્તિ મેળવી શકે નહીં. જેથી કાળુ નાણું બહાર ફરી શકે નહીં અને સરકારની પરોક્ષ કરવેરા સ્વરૂપની આવકમાં વધારો થાય. જો કે કાયદાની છટકબારીનો લાભ કરચોરો લઈને કાળુ નાણું સર્જે છે.

**(3) કૃષિક્ષેત્રે આવકવેરો :**

આપણા દેશમાં કૃષિક્ષેત્રની આવક કરમુક્ત હોવાથી કરચોરી અને કાળા નાણાંના ઉદ્‌ભવનું મુખ્ય સ્ત્રોત છે. ઉદ્યોગપતિઓ, મિલ માલિકો, મોટા વેપારીઓ, ઉત્પાદકો, રાજકીય નેતાઓ અને સમાજના ઉચ્ચ ધનિક વર્ગમાં આવતા ડૉકટરો, વકીલો, પ્રોફેસરો, એન્જીનિયરો, વૈજ્ઞાનિકો જેવાં સેવાકીય પ્રવૃત્તિ કરતો વર્ગ પોતાની વ્યવસાયી આવકોને છુપાવવા માટે ખેતીક્ષેત્રની આવકોમાં રૂપાંતર કરી કાળા નાણાંનું સર્જન કરે છે. આથી કરમાળખાની આ છટકબારીને દૂર કરવા અન્ય આવકો ઉપર જેમ કરવેરો વસુલ કરવામાં આવે છે તેવી જ રીતે કૃષિક્ષેત્રની આવકો ઉપર પણ ફરજિયાત વેરો ઉઘરાવવો જોઈએ. ઈ.સ. 1960માં રાજ સમિતિએ અને વાંચ્છુ સમિતિએ પણ કૃષિ આવક ઉપર વેરો નાખવાની ભલામણ કરી હતી. જો તે સમયે આ ભલામણ સ્વીકારવામાં આવી હોત તો વર્તમાનમાં કાળા નાણાંની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે તે ન હોત. આમ કૃષિ આવક પર આવકવેરો દ્વારા લેવાથી કાળા નાણાંને નિયંત્રિત કરી શકાશે.

**(4) ચલણી નોટોનું વિનાણાકરણ (ડિમોનેટાઈઝેશન) :**

ભારત સરકારે 1978માં કાળુ નાણું બહાર લાવવા માટે મોટી કિંમતની ચલણી નોટો રદ કરવાનું ક્રાંતિકારી પગલું ભર્યું હતું. દેશમાંથી રૂ. 1000, રૂ. 5000 અને રૂ. 10,000ના મૂલ્યની કાગદી ચલણી નોટો રદબાતલ જાહેર કરી અને તેના બદલામાં નવું નાણું આપવાની સરકારે ખાતરી આપી. જેમાં રૂ. 125 કરોડ રિઝર્વ બેંકમાં રજૂ થયા હતા. વળી 8 નવેમ્બર 2016માં પણ રૂ. 500 અને રૂ. 1000ની ચલણી નોટો રદ કરી કાળુ નાણું બહાર લાવવાનો સરકારે પ્રયત્ન કર્યો હતો. મોટે ભાગે કાળુ નાણું એટલે કે બિનહિસાબી નાણું મોટા મૂલ્યની ચલણી નોટોમાં સંગ્રહિત થતું હોય છે. આથી ચલણી

નોટોના ડિમોનેટાઈઝેશન (વિનાણાકરણ) વડે કાળુ નાણું દૂર કરી શકાય છે.

**(5) બેરર બોન્ડની યોજના :**

સરકારે 1981માં કાળુ નાણું અર્થતંત્રમાંથી બહાર લાવવા અને વ્હાઈટ મની બનાવવા સ્પેશ્યલ બેરર બોન્ડ યોજના અમલમાં મૂકી હતી. જેમાં રૂ. 10,000/-ના બોન્ડ 10 વર્ષની મુદતે મૂકીને બોન્ડ ધારકને રૂ. 12,000/- પરત કરવા. આ બોન્ડ ધારકોને રોકાણ કરવા માટે પૈસા ક્યાંથી આવ્યા એ અંગે કોઈ જ પૂછપરછ કરવામાં આવી ન હતી. સરકારને આ યોજના હેઠળ રૂ. 875 કરોડ મળ્યાં હતા. આવા બેરર બોન્ડની યોજનાઓ અમલમાં મૂકવાથી ચોક્કસ કાળુ નાણું બહાર કાઢી શકાય. આ કાળા નાણાં માટે સરળ ઉપાય છે. વળી કાળુ નાણું બિનઉત્પાદકીય હેતુમાં રોકાય તેના કરતાં સરકાર પાસેથી બોન્ડ સ્વરૂપે નાણાં આવતા દેશના વિકાસલક્ષી ઉત્પાદકીય હેતુ માટે કાળા નાણાનો ઉપયોગ કરી શકાય અને રાષ્ટ્રને વિકાસ કરી શકાય.

**(6) સ્વૈચ્છિક જાહેરાતની યોજના Volantary Disposal Scheme (VDS) :**

સરકારે છૂપાયેલી આવક, સંપત્તિ કે મિલકત અને કાળા નાણાંની જાહેરાત માટે વારંવાર સ્વૈચ્છિક જાહેરાતની યોજના (VDS) રજૂ કરી છે. જેથી કાળુ નાણું બહાર આવે અને અર્થતંત્રના વ્હાઈટ મની તરીકે ફરતું થાય. ઈ.સ. 1951માં ત્યાગી યોજના, 1965માં 60-40ની બ્લેક યોજના જેમાં સ્વૈચ્છિક રીતે કાળુ નાણું જાહેર કરનાર પાસે 60 ટકા રકમ અને 40 ટકા સરકાર પાસે કર સ્વરૂપે જમા થાય, 1975માં સ્વૈચ્છિક જાહેરાત યોજના, 1981 જાન્યુઆરીમાં બ્લેક મની બેરર બોન્ડ યોજના, 1997-98ના બજેટમાં સ્વૈચ્છિક જાહેરાતની યોજના દ્વારા અપ્રમાણિક કરદાતા સ્વૈચ્છિક આવકની જાહેરાત કરી નિયમોનુસાર કર ભરીને પ્રમાણિક કરદાતા બને અને અર્થતંત્રમાંથી કાળુ નાણું બહાર લાવવા સરકારે પ્રયત્ન કર્યો હતો.

ઈ.સ. 1997ની સ્વૈચ્છિક જાહેરાત યોજનાનો Motto હતો ''30 ટકા વેરો આપો અને 100 ટકા મનની શાંતિ મેળવો''. આ યોજનામાં ભય અને લાલચ બંને વૃત્તિઓનો લાભ લેવામાં આવ્યો હતો. ''જો 30 ટકા વેરો નહીં આપો તો 300 ટકા દંડ ભરવો પડશે'' આવી ધમકી પણ હતી. કેન્દ્રના ભૂતપૂર્વ નાણામંત્રી ચિદમ્બરમે ભૂતકાળની તમામ સ્વૈચ્છિક યોજનાઓ હેઠળ મેળવેલી કુલ કર ઉપજ માત્ર રૂ. 777 કરોડ હતી. પરંતુ એકલી 1997ની યોજના હેઠળ 4.66 લાખ લોકો અને કંપનીઓએ રૂ. 33,000 કરોડની ગુપ્ત આવકો કે સંપત્તિ જાહેર કરી હતી. આમ 33,000 કરોડ રૂપિયા કાળુ નાણું અર્થતંત્રમાંથી બહાર આવ્યું હતું.

જો કે સ્વૈચ્છિક જાહેરાતની યોજનામાં મહત્તમ વ્યક્તિગત 30 ટકા અને કંપનીઓ પાસે 35 ટકા વેરો લેવાય છે. તેથી અપ્રમાણિક કરદાતા જલદી પોતાની આવક જાહેર કરતા નથી. કારણ કે ભ્રષ્ટ અમલદારો પરોક્ષ રીતે કરદાતાઓને પોતાની બિનહિસાબી કે કાળા નાણાંને પોષવામાં મદદરૂપ બને છે. આથી અપ્રમાણિક કરદાતાઓને ઝાઝો ભય રહેતો નથી. વળી સ્વૈચ્છિક જાહેરાત દ્વારા પ્રાપ્ત કરેલ કાળુ નાણું કુલ કાળા નાણાંના માત્ર 3 ટકા જ છે. હજી 97 ટકા કાળુ નાણું બે રોકટોક અર્થતંત્રમાં ફરી રહ્યું છે. આમ છતાં કાળા નાણાંના ઉપાય તરીકે આવી યોજના કંઈક અંશે મદદરૂપ બને છે. બ્લેક મની ડેકલેરેશન સ્કીમ 2017થી કાળા નાણું રાખનારે ટેક્સ, સરચાર્જ અને દંડ ચૂકવવો પડે છે. આથી કાળા નાણાં ઉપર અંકુશ આ યોજનાથી આવ્યો છે.

### (7) નેશનલ હાઉસીંગ બેંક યોજના :

સરકારે દેશના નાગરિકો પોતાના માલિકીના ઘર બનાવી રહે અને ભાડાના ઘરોમાં વારંવાર બદલી કરવી ન પડે તે માટે નેશનલ હાઉસીંગ સ્કીમ બહાર પાડી છે. આ સ્કીમમાં નાણાંની જરૂરિયાત પૂર્ણ કરવા 1991-92ના બજેટમાં નેશનલ હાઉસીંગ બેંક યોજના બહાર પાડી. જે સંદર્ભે કોઈપણ કાળુ નાણું ધરાવનાર વ્યક્તિ નેશનલ હાઉસીંગ બેંક યોજનામાં પોતાના નાણાં થાપણ તરીકે મૂકે તો તેના કાળા નાણાં અંગે કોઈપણ જાતની પૂછપરછ કરવામાં આવશે નહીં અને ગમે તેટલા નાણાં આ યોજના હેઠળ વ્યક્તિ મૂકી શકશે આમ કાળા નાણાંને બહાર લાવીને વિકાસલક્ષી કાર્યો માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી. જો કે બહુ કાળા નાણાંની પ્રાપ્તિ આ યોજના થકી સરકારને થઈ ન હતી. તેમ છતાં કાળા નાણાં બહાર લાવવાનો સરકારનો ઉપાય સરાહનીય છે.

### (8) મિલકત ટ્રાન્સફર કાયદો :

વાંચ્છુ સમિતિના મત પ્રમાણે ઓનરશીપ ફ્લેટોની માલ મિલકતની હેરફેરનો કાયદો લાગુ કરવામાં આવે તો કરચોરી અને કાળા નાણાંનું પ્રમાણ ઘટાડી શકાય. તેમજ ફરજિયાત હિસાબો માટે લોકોને ઉદ્યોગ-ધંધામાંથી પ્રાપ્ત થતી આવક, નફો અને ટર્નઓવર પ્રમાણે ફરજિયાત હિસાબો રાખવાની ભલામણ પણ વાંચ્છુ સમિતિએ કરી હતી. જેથી કાળુ નાણું કે બિન હિસાબી નાણું અસ્તિત્વમાં ન આવે.

### (9) ડૉ. રાજા ચેલૈયાહ સમિતિના સૂચનો :

કાળા નાણાંની સમસ્યા હલ કરવા માટે ડૉ. રાજા ચેલૈયાહ સમિતિએ કેટલાંક સૂચનો કર્યા હતા. જેમ કે કરવેરાના દરોમાં ઘટાડો કરવો જેથી કરચોરીને પ્રોત્સાહન ન મળે, આયાત કરવેરાના બદલામાં આયાત જકાત નાખવી, વિદેશી હૂંડિયામણના અંકુશો હળવા કરવા, ભાવ અંકુશો અને નિયંત્રણો ઘટાડવા, કાયદાઓનો અમલ અસરકારક બનાવવો, પ્રમાણિક અધિકારીઓને લાભ-બઢતી આપવી અને અપ્રમાણિક અધિકારીઓને કડક શિક્ષા કરવી. આર્થિક ગુનેગારો માટે અલગથી ખાસ કોર્ટો ઊભી કરવી, કર આકારણીમાં કોમ્પ્યૂટરનો ઉપયોગ કરવો, કરવેરા અધિકારીઓ માટે તાલીમનો પ્રબંધ કરવો વગેરે જેવાં સૂચનો કાળા નાણાંના ઉપાય તરીકે ડૉ. રાજા ચેલૈયાહ સમિતિએ કર્યા હતા.

જો કે રાજા ચેલૈયાહ સમિતિએ સૂચવેલા કાળા નાણાંના ઉપાયોનો અમલ ક્રમશઃ સરકારે કર્યો છે.

### (10) રાજકીય પક્ષોને અપાતા ફંડફાળા ઉપર રોક :

વર્તમાન સમયના રાજકીય નેતાઓ અને રાજકીય પક્ષો ચૂંટણીના મોટા ઉદ્યોગપતિઓ પાસેથી ચૂંટણી ભંડોળ પ્રાપ્ત કરી સત્તા સ્થાને આવ્યા બાદ આવા ઉદ્યોગપતિઓને લાભ આપે છે. આવા ધનિકો ચૂંટણી ભંડોળમાં પણ કાળા નાણાં દ્વારા પ્રાપ્ત કરી આવકો આપે છે. ચૂંટણી પછી પક્ષોને કાળા નાણાં ઉત્પન્ન કરવાની તકો સરળતાથી પ્રાપ્ત કરે છે. જે રાજકીય પ્રક્ષોને અપાતા ફંડફાળા ઉપર ચૂંટણીપંચ અંકુશ મૂકે તો પણ કાળુ નાણું ઓછું થઈ શકે. ચૂંટણીપંચ આ અંગે કેટલાંક નિયમો ઘડીને કાળુ નાણું અટકાવવાનો પ્રયત્ન કરે છે. કેટલેક અંશે કાળા નાણાંનો પ્રવાહ અટક્યો છે. પરંતુ તેનો ચુસ્ત અમલ કરવાની તાતી જરૂરિયાત છે.

### (11) બેંક ખાતાઓને આધારકાર્ડ અને પાનકાર્ડ સાથે લિંક કરવું :

સરકાર દ્વારા આધારકાર્ડ અને પાનકાર્ડને લિંક કરવાની શરૂઆત કરવામાં આવી છે. જેથી તે દરેક નાગરિકના ખાતાઓ અને તેમના બેંક સ્ટેટમેન્ટને પણ ટ્રેક કરી શકે.

જેથી સરકારને કોની પાસે કેટલું નાણુ છે જાણવાનો સ્ત્રોત મળી શકે. આ સ્કીમનો નકલી બેંક ખાતાઓ તથા ભૂતિયા ખાતાઓને દૂર કરવામાં મોટો હાથ છે. તેમના વડે કાળા નાણાંનું સર્જન થતું હતું. તે આધારકાર્ડ અને પાનકાર્ડ સાથે બેંક ખાતાઓને લિંક કરવાથી કાળા નાણાંનું પ્રમાણ ઘટે છે.

**(12) બે નામી ટ્રાન્ઝેક્શન એમેન્ડમેન્ટ એક્ટ 2016 :**

આ એક્ટ દ્વારા બે નામી વ્યવહારો અટકાવે છે. આ કાયદા હેઠળ બેનામી મિલકત જપ્ત કરવાની જોગવાઈ છે. આ અધિનિયમ 1988થી અસ્તિત્વમાં હોવા છતાં 13 મે 2016ના રોજ લોકસભામાં રજૂ કરાયેલ સુધારો બિલ આ અધિનિયમમાં સુધારો કરવા માગે છે. સુધારેલા કાયદાની જોગવાઈ મુજબ કોઈ વ્યક્તિ બે નામી ટ્રાન્ઝેક્શન હેઠળના ગુનામાં કોર્ટ દ્વારા દોષિત ઠરે છે. તેને ઓછામાં ઓછી 1 વર્ષ અને વધુમાં વધુ 7 વર્ષ સુધી જેલની સજાની જોગવાઈ છે. જો કે આ બે નામી ટ્રાન્ઝેક્શન (પ્રોહીબિશન) એમેન્ડમેન્ટ એક્ટ 1 નવેમ્બર 2016ની રોજથી અમલમાં આવ્યો હતો. આ કાયદાથી વિવિધ બે નામી પ્રોપર્ટી જપ્તીમાં વધુ કડક બન્યો. આ કાયદાથી કાળી મિલકત એટલે બિનહિસાબી નાણાં કે સંપત્તિ રાખવા ઉપર ઘણો અંકુશ આવી ગયો છે.

## 2.8 સમીક્ષા

ભારતીય અર્થવ્યવસ્થાને સમાંતર અર્થતંત્ર અથવા છાયા અર્થતંત્ર પણ કહેવામાં આવે છે. કારણ કે અર્થતંત્રમાં ફરતા કુલ નાણાંમાં કાળા નાણાં અને સફેદ નાણાં વચ્ચે તફાવત કરવો ખૂબ જ મુશ્કેલ છે. ભારતમાં કાળુ નાણું રાખવા માટે પ્રતિબંધક સજાનો અભાવ છે. એક સર્વે મુજબ વર્ષ 2008થી 2012ની વચ્ચે ભ્રષ્ટાચારના 20,000થી વધુ કેસ દાખલ કરવામાં આવ્યા હતા અને માત્ર 20 ટકા કેસો અંતિમ નિષ્કર્ષ ઉપર પહોંચ્યા હતા. ભારતમાં રીયલ એસ્ટેટ સેક્ટર તેની GDPના લગભગ 11 ટકા હિસ્સો ધરાવે છે. ભારતીયો પાસે કુલ કાળુ નાણું 1-5 ટ્રિલીયન ડૉલર છે. આ નાણું રાજકારણીઓ, કેટલાંક સ્વાર્થી વ્યવસાય પુરુષો, અન્ય જાહેર પ્રતિનિધિઓ પાસે છે. કેટલાંક સર્વેક્ષણો દર્શાવે છે કે છેલ્લા બે વર્ષમાં ભારતની બહાર કાળુ નાણું ગયું છે. તે ભારતના દેવાના 13 ગણા જેટલું છે. જો આ કાળુ નાણું વિદેશમાંથી પાછું આવે તો આપણે ઘણી બધી અજાયબીઓ કરવા કે સર્જવા શક્તિમાન બની શકીએ.

એકલી સરકાર સમાજમાંથી આ મુદ્દાને સંપૂર્ણપણે કાબુમાં કરી શકતી નથી. જુદી જુદી નીતિઓ, કાયદાઓ અને કાયદા બનાવવાથી એકલા હાથે કામ નહીં થાય. આ કાયદાઓ અને નીતિઓના અમલીકરણ માટે દરેક નાગરિકે કાળુ નાણું ઉદ્ભવે નહીં તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. લોકોએ સમજવું જોઈએ કે ટેક્સ ચૂકવવો શા માટે મહત્ત્વપૂર્ણ છે અને તેમની આવકને છીનવી લેવાનું બંધ કરવું જોઈએ અને કાળી આવક પેદા કરવી જોઈએ નહીં. દરેક નાગરિકે પ્રમાણિકપણે કર ભરવાના રૂપમાં દેશના વિકાસમાં શક્ય તેટલો ફાળો આપવો જોઈએ.

## ● સંદર્ભ વાચન


- The Constitution (115th Amendment Bill 2011 (GST Bill)) PRS Legislative Research Retrieved 16 July 2020.
- www.bankbazaar.com
- www.timesofindia.com
- "Writ petition in the Issue of black Money" Right to information

- black money case supreme court of India. Retrieved 13 June 2018.

- "Ram Jethmalani attacks Modi, Amit Shah for failing to bring Back black money". Retrived 29 July 2015
- "How successful was modi's was on Black Money stashed Abroud ? Retrived 20 January 2019
- "Black Money HSBC whistleblower Herve Falciani says illicit funds esally flowing out of India." The Economic Times Retrieved 8 October 2016.
- "Black Money Entoncement Directorate going soft on Hasan Ali Khan is a comment on our system" 17 January 2012. Retrived 13 Feb. 2012
- "Nanjappa, Vickly (31 March 2009)" "Swiss black Money can take India to the top" Rediff. com Retrived 23 May 2016.
- Ab "Black Money, Indians have stashed over $ 12 in banks abroud, Says CBI - The times of India Retrieved 29 July 2015.
- Ab "White paper on black Money likely to be tabled in Budget Session" The Hindu-Business line 13 March 2012.